## નિર્ગુણ ભૂમિકા એટલે શું ? એની સમજણ અને તેમાંથી સરળતાથી પસાર થઈ જવા માટેનું જાણપણું અને જાગ્રતતા વિશેનો લેખ...

'.....ભગવાનના જે એકાંતિક ભક્ત હોય (પરિપક્વ નિષ્ઠાવાળાને જ - વચ.ગ.પ્ર. ૬૧) તેને જ સિદ્ધિ આવે. ભગવાન જ તે રિદ્ધિ-સિદ્ધિ પોતાના અનન્ય ભક્ત આગળ મોકલે છે. તે એટલા માટે કે, આ મારો ભક્ત છે તેને મારામાં હેત વધારે છે કે રિદ્ધિ-સિદ્ધિમાં ? એમ તેની પરીક્ષા માટે ભગવાન જ સિદ્ધિઓ પ્રયોજે છે અને એને જો અવગણે તો ભક્ત ઉપર પ્રભુ રાજી થઈને વશ થઈ જાય.....'

**પ્રશ્ન –** એવા અનન્ય ભક્તને કેમ ખબર પડે કે આ નિર્ગુણ ભૂમિકાના ઐશ્વર્યોની ભૂમિકા આવી. તેના લક્ષણ શાં ? જેથી તેવા ભક્તને **સભાનતા આવે ?** તે કેવા પ્રકારનું **જાણપણું અને જાગ્રતતા** રાખે તો તે **ભૂમિકામાં રાચ્યાં વિના** તેમાંથી પસાર થઈ અક્ષરધામની ભૂમિકામાં પહોંચી જાય ?

આ ભૂમિકા દરેકને આવે જ છે ને એમાંથી દરેકને પસાર થવાનું જ છે. આપણે પહેલાં એ ભૂમિકાને ઓળખીએ અને પછી તેને સરળતાથી પાર કરવા કેવી જાગ્રતતા ને જાણપણું કે સભાનતા રાખીએ તો સરળતાથી અક્ષરબ્રહ્મનું શરીર પામીએ આ વાતને આપણે સમજીએ અને આચારમાં ઉતારીએ તો આપણી સાધના સરળ થાય.

### નિર્ગુણ ભૂમિકા એટલે શું ?

૧) શરૂઆતમાં સાધક તો પરાણે દેહને આજ્ઞા સ્વરૂપમાં વર્તાવે અને તે રીતે વર્તતાં શબ્દાતીત થવાય. પછી જ મહારાજ આપણને બીજા ચૈતન્યોની સેવા આપે.

અંત:કરણ જીતવાના આ પ્રોસેસમાં ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ અને બદરિકાશ્રમ આ ચાર ધામમાંથી જુદા-જુદા અંગવાળાએ પસાર થવાનું રહે છે. પછી તે અંગ પ્રીતિ, સમજણ, વિશ્વાસ કે સેવા દરેક અંગવાળાએ આ સ્ટેજમાંથી પસાર થવું પડે છે.

જેનામાં જે વૃત્તિના મૂળ ઊંડા હોય તે પ્રત્યક્ષ સ્વરુપને દેખાતું હોય એટલે એ વૃત્તિને નિર્મૂળ કરવા જ પ્રભુ તેને મેદાન આપે છે. પછી તે સેવા વહિવટી હોય, કોઠારની, ભંડારની, રસોડાની, પૂજારીની કે મંદિરની મહંતાઈ હોય કે પછી બીજાને સત્સંગ કરાવાની હોય... પરંતુ તે આપણાં શુદ્ધિકરણ માટે જ હોય તેથી સાધક **જાગ્રતતા ને જાણપણું** રાખે તો તેમાંથી જલ્દી પસાર થઈ જવાય.

.....જે અંગથી કે જે રીતથી ભક્તિ કરી હોય ને અનન્ય ભક્ત બન્યા હોઈએ અને એ રીત પ્રમાણે આપણું જીવન સાચું અને સરસ જ હોય તેથી બીજા તેને વખાણતા હોય, ખુદ પ્રભુ પણ માથે મૂકીને (વખાણ કરીને) નાચતાં હોય એટલું જ નહિ પણ બીજાના આદર્શ તરીકે પણ સ્થાપે..... આ વખાણ ખોટા પણ નથી કારણ કે તેટલો ભાગ શુદ્ધ હોય... પણ સાથે સાથે પોતાના અંગ પ્રમાણે હોવાથી **સ્વલક્ષી** હોય અને સાધકને મનાઈ જાય કે તે સંપૂર્ણ શુદ્ધ થઈ જ ગયો છે... તેથી તેને જે થાય, જે સંકલ્પ ઊઠે, ભલે તેમાં અતિરેક કે ઉદાસીનતા હોય તો પણ ભક્તિરૂપ જ લાગે. પોતાનું બરાબર જ લાગે તેથી કોઈના સૂચન તરફ ચેકિંગ ના કરે.

'ભિન્ન અંગવાળા (સમકક્ષાના ગુરુભાઈ કે સાથી મિત્રની) મૈત્રી ન રાખે. પોતા થકી તૈયાર થયેલા ભાવુક શિષ્યોનો ભાર વધારે પડે અને સ્વામીસેવકભાવ, દાસત્વભાવ કે સૂચનનું હાર્દ સમજવા જેટલો કે પોતાના ભાવનું ચેકિંગ કરવા જેટલો પણ સ્વામીસેવકભાવ ના રહે એ **નિર્ગુણ ભૂમિકાના ધામ.** તેથી તેમાં રાચે અને અક્ષરધામમાંથી પડે.'

૨) ગમે તેટલાં વખાણ થાય..... જ્યાં આપણે આપણાં સ્વામીથી જુદા પડીએ કે તેમનાથી છુપાવવાનું મન થાય..... કે ભિન્ન અંગવાળાની મૈત્રીની ઉપેક્ષા થાય કે મૈત્રી રાખવી ન ગમે છતાં ઉપરથી ઔપચારિક રહીએ..... આપણને જ્યારે ભક્તિરૂપ લાગતી ક્રિયામાં કોઈ રોકે કે કોઈ ટોકે કે કોઈ વિરોધ કરે ત્યારે સહેજ પણ ભાવફેર થઈ જાય. ભિન્ન અંગવાળા સાથી મિત્રનું સૂચન માન્ય ન રહે, પ્રભુથી કહો કે ભિન્ન અંગવાળા મિત્રથી (જે ગુરુભાઈ કે સાથી મિત્ર જોડે મૈત્રીભાવ દઢ કરવાનો છે કે સુહ્રદભાવ સિદ્ધ કરવાનો છે તેની જોડે) કંઈક છુપાવવાનું મન થાય તો તે **નિર્ગુણ ભૂમિકા** છે.

આવે વખતે જ્યાં આપણાં સ્વામીથી જુદા પડીએ છીએ (અંતરના અવાજમાં બસુરું લાગે છે) ટોટલ કન્વિક્શન નથી ત્યારે તરત જ અંતર્દષ્ટિ કરી બધું જ પડતું મૂકી દઈ, પોતાનો જ દોષ જોઈ, વચ.ગ.પ્ર. ૧૬ પ્રમાણે જડ ચૈતન્યનો આધાત્મિક વિવેક રાખી પાછો વળી જાય તો નિર્ગુણ ભૂમિકામાંથી પસાર થઈ જવાય. ...**પોતાને સત્ય લાગતાં** સંકલ્પભાવ કે ક્રિયા ચૈતન્યમાંથી આવ્યા હોય તોય ભિન્ન અંગવાળા સાથી મિત્રને તથા સ્વામીને (અંતરમાં રહેલા અંતરયામીને) પૂછીને જ વર્તે.

.....પ્રત્યક્ષ ગુરુહરિ, ગુરુ કે **ભિન્ન અંગવાળા** સાથી મુક્તોમાં મનુષ્યભાવ લાવે જ નહિ તે વાઘ જેવા ન લાગે પણ પાછું વળી જવાય (કાર્ય અને કારણને પડતું મૂકી તટસ્થ થવાનો પ્રયત્ન કરી મૂર્તિમાં આવી જાય) અને આધ્યાત્મિક સમતા કે સમત્વયોગમાં વિરામ પામ્યા પછી જ પગલું ભરે.

૩) આપણી માનીનતા કે માન્યતા બરાબર જ છે માનીએ અથવા વખાણ થયા કે પરિણામ સારું આવ્યું તે વખતે અંતરમાં ગમે, તેમાં આપણું અંતર રમમાણ કરે એટલે કે તેમાં રાચવાનું મન થાય... ખરા મહારાજ... ખરા મહારાજ... એમ કહીએ પણ મહિમા તો આપણો જ સમજીએ, **'સ્વ'સ્વરૂપમાં** જ રાચીએ, સામાનો મહિમા ગાવાને બહાને આપણો જ મહિમા ગાઈએ ખબર પણ ન પડે (આપણું અંતઃકરણ એની નોંધ ન લઈ શકે) મનમાં એવું થાય ખરું કે હમને કૈસા કિયા ? આવું જો થાય તો માનીએ કે **નિર્ગુણ ભૂમિકામાં જ છીએ**...

૪) આપણો વિરોધ કરે, આપણને સાથ ન આપે, વઢે, ટોંકે (ભૂલ બતાવે કે કટાક્ષ કરે) તેમાં જો મહારાજ ન દેખાય તો **નિર્ગુણ ભૂમિકામાં જ છીએ...**

૫) આપણને ભક્તિરૂપ ક્રિયા લાગતી હોય તેને પરિમાણ કરવાને બદલે આપણાં પરિણામને કોઈ વખોડે, ન ગણે, ન માને, આપણે કર્યું હોય ને બીજાના ગુણ ગાય, આપણાં હેતવાળા બીજાને માન આપતા થઈ જાય. અરે ! આપણા બરોબરિયા થઈ જાય કે આપણે સાચા હોઈએ અને આપણને ખોટા કહે, આપણને ખબર પણ ન પડે અને જશની બદલે અપજશની પોટલી આપણાં પર આવી પડે ત્યારે આનંદ, મસ્તી ને કેફ (ખુમારી) પણ ચાલ્યા જાય તે તટસ્થ ન રહેવાય. કંઈક અવ્યક્ત રીતે બીજાનું વટાઈ જાય (અમહિમામાં પડી જવાય) કે 'સ્વ'બચાવ કરવાનું મન થાય (હું સાચો છું તે સાબિત કરવાનો પ્રયત્ન કરીએ) પણ તટસ્થ ન રહેવાય તો આપણે **નિર્ગુણ ભૂમિકામાં જ છીએ...**

૬) કાંઈ પણ કચકચાટ, બસુરું, વિક્ષેપ ન દેખાય કે ન મનાય અને મૂર્તિ વગર **ક્રિયાનું, વ્યક્તિનું, પદાર્થનું કે ચેલાનું મનન-ચિંતન થયું કે તેમાં રાચ્યાં તે નિર્ગુણ ભૂમિકામાં જ છીએ...**

૭) પ્રભુનું કર્તા-સાકાર-પ્રગટ અને સર્વોપરીપણું માન્યા પછીથી પણ (સમ્યક્ દર્શનવાળાને પણ) સ્વ તો રહે જ છે કારણ કે પોતાનું અંગ બરાબર ને બીજાનું ગૌણ લાગે. હરેક ક્રિયામાં મહારાજ ન દેખાય તે પણ **નિર્ગુણ ભૂમિકામાં જ છીએ...**

**ભિન્ન અંગવાળાની** મૈત્રી નિર્દોષભાવ સાથે રાખે તો જ પોતાનો સ્વભાવ દેખાય અને મહારાજ સાથેનો અંતરાય તૂટે પછી તે વિદેહી મુક્ત કે જીવનમુક્ત થઈ ગયો હોય, તે નિરંતર મૂર્તિમાં જ રહે ને લીલા જોયા જ કરે.

૮) ...નવા ચૈતન્યને પ્રભુ આપવાના બહાનાં હેઠળ પોતાનામાં જ જોડવાની અંતરમાં આનંદ, ઈચ્છા રહે... તે રીતે પોતાનામાં જોડે અને વળી તેમાં રાચે... પ્રભુની મૂર્તિ ભૂલી તેનું જ ચિંતવન કરે અને તેમાં રુકાવટ કે અવરોધ ભગવાન કૃપા કરીને લાવે તેનો ગુણ ન લઈ શકાય... આમ ભગવાનને ભૂલીને કે **સ્વ**માં વિહાર કરીએ તે નિર્ગુણ ભૂમિકા છે... આવી નિર્ગુણ ભૂમિકામાંથી સાધક પસાર થતો હોય ત્યારે પ્રભુ સાચા મળ્યા છે તેથી અંતરમાં ઊણપ તો લગાડ્યાં જ કરે...

..... આવે વખતે **સ્વ** ભજન કરવાની ટેવ પાડવી... કાંઈક બન્યું તો પ્રભુને અંતરથી પ્રાર્થના અમુક કક્ષાએ જઈને કરે તેથી સાધકને પોતાને અનુભવ-પ્રતિતી થાય એ માટે નાની-મોટી દરેક બાબતમાં આવી કક્ષાએ જઈને જ ઊકેલ આવે ત્યાં પ્રભુના ભગવાનપણાનો અનુભવ થશે, નિષ્ઠા દૃઢ થશે અને તેથી પ્રભુને ઓશિયાળા

નહીં કરે...

**..... ભિન્ન અંગવાળાની મૈત્રી આપી છે તો એ મિત્રને આપણું જ ભગવાનનું સ્વરૂપ માનીને સેવી લઈએ...**

૯) ..... સાધક મૂર્તિ ધારીને જે કાંઈ મનોરથ કરે તે તત્કાળ પૂરો થાય, બધા માનવા માંડે ને વિષય કે પદાર્થના ઢગલાં થવા માંડે ને એમાં રાચીએ તે **નિર્ગુણ ભૂમિકા...**

૧૦) ...ભક્તિની ઓથે સામા પાત્રની તૈયારી ન હોય ને તીવ્ર સંકલ્પ કરીએ કે હે પ્રભુ તમારું સ્વરૂપ ઓળખાવો ને પ્રસાદ આપો, એને તમારો કરી લ્યો ! વિગેરે અનંત પ્રકારોના સંકલ્પો કરીએ અને એ જીવની તૈયારી ન પણ હોય ને મહારાજ એ પૂરા ન કરે તો દુખાઈ જઈએ એ પણ **નિર્ગુણ ભૂમિકા** છે...

.....ક્યારેક અંદરનો પ્રભુ જુદું કહે ને બહારથી પ્રભુ જુદું કહે ત્યારે કોઈ પણ જાતનો વિરોધ કર્યા વગર પ્રાર્થનાને સ્થાન આપીએ ને પ્રભુને અનુભવીએ. આપણો નિર્ણય સાચો પડે તેનો ધજાગરો પણ નહીં... બધું મહારાજે જ કર્યું. જશ કે અપજશ પ્રભુના ફાળે જ જવા દઈએ બસ...

૧૧) .....રૂપાંતર થતા અંતર ટાઢું રહે, શુભ સંકલ્પ થાય, બીજા જીવો તેમાં ખેંચાય ને પ્રભુના સંકલ્પે ધન-કીર્તિ-માન-મોટપ મળે. પ્રભુ પણ ઓળખાય. લોક-ભોગ જીતાઈ ગયા છે, હું કરું છું તે જ બરાબર છે તેવું બરોબરિયાપણું આવે. પરબ્રહ્મની લીલા આપણા સાથી મુક્તોમાં મનાય નહીં કે દેખાય નહીં કે માન્ય પણ રહે નહીં. સંકલ્પસિદ્ધિની ઓથે દોષ - દોષરૂપે નોંધાય નહીં તો ટાળવાની વાત જ ક્યાં રહી ! તેવું સહજ જીવાતું હોય તેથી સંતની જરૂરિયાત જીવનમાં નથી કે બહુ જરૂર ન પડે તેવું લાગે આ વાતની નોંધ ન લેવાય. સંત સાથે બરોબરિયાપણું લાગે એ **નિર્ગુણ ભૂમિકા** જ છે.

૧૨) ..... હું મારા સદ્‌ગુરુ જેવો થઈ ગયો છું એવું મનાય, એમના વચનમાં ગૌણતા આવે, શંકા-આશંકા થાય, હું પણ કાંઈક છું એવો અભિનિવેષ થાય, એ કરે એમ કરવાનું મન થાય, પોતે જે કરે છે તે સાચું જ - બરોબર જ અને ભક્તિરૂપ જ લાગે. કદાચ કોઈ સૂચન કરે તો તરત ઉપેક્ષા થઈ જાય, મનુષ્યભાવ આવી જાય. ટોળું મોટું એમ પોતાની મોટાઈ લાગે, **આ છે નિર્ગુણ ભૂમિકાના ઐશ્વર્ય**.

..... આ બધું પ્રભુ જ ચાલવા દેતા હોય ને પરદા પાછળ રહી જોતા હોય છે.

૧૩) ..... પ્રભુ જ્યાં સાધકને સજાગ કરવા મુક્તને બ્રેક તરીકે વાપરે ત્યારે એ બ્રેકને પણ અવગણીને હું જે કરું છું તે બરાબર જ માને તે **નિર્ગુણ ભૂમિકા.**

૧૪) .....સદ્‌ગુરુની ઉપરથી આમન્યા રાખે પણ અંદરથી એટલી આમન્યા ન રહે, સ્વામીસેવકભાવ ન રહે, તે **નિર્ગુણ ભૂમિકાના ઐશ્વર્યની ભૂમિકા.**

૧૫).....ક્યારેક ચેલાનો પક્ષ રાખવાનો મન થાય ને સામામાં મહારાજ ન જોઈ એનું માન ન રાખીએ તે પણ **નિર્ગુણ ભૂમિકા**. ક્યારેક આપણો જ ચેલો સાચો હોય છતાં સામા પાત્રમાં મહારાજ જોઈ સવળું જ લઈ ભવિષ્યમાં ભૂલ ન થાય તેવી ભાવનાથી ઉતારી ન પાડતાં એમનો પક્ષ રાખીએ ને જીવનને વધુ જાગ્રત બનાવીએ કે મહારાજ શા માટે લાવ્યા ? દર્શન થઈ જાય તો સુહૃદભાવ પણ રખાય.

...હેતે કરીને કોઈનો અભાવ ઘૂસવા ન દઈએ ને ઘૂસતો હોય તો માહાત્મ્યજ્ઞાને કરીને કાઢી નાખીએ.

...સાધક પોતે જ પોતાના પ્રારબ્ધ પર નજર રાખે તો ખ્યાલ આવે કે આ પ્રભુ છે તો જ મારું પરિવર્તન છે, સૂઝ છે, સમજ છે ને પ્રેરણા છે.

...મનમાં ભગવાનને રાજી કરવા સિવાય બીજું કાંઈ જ ઠરાવ કે મનોરથ ન થાય. પ્રભુએ આપેલા બુદ્ધિયોગમાં એવો જ નિર્ણય હોય કે સૌનો પ્રેરક ભગવાન. કેવળ એમની સત્તાનો જ સ્વીકાર કરાતો હોય.

...યથાર્થ સ્વરૂપનિષ્ઠા હોય ને દિવ્યભાવ રાખવાની પ્રૅક્ટિસ પાડી દે.

જે કંઈ સેવા કરે તે પ્રત્યક્ષ સ્વરૂપને રાજી કરવા તેમની પ્રસન્નતા મેળવવા કરું છું, તેવી ભાવનાથી કરે... માન-વખાણ કે સારા દેખાવાની ભાવનાથી કે બદલાની ભાવનાથી કે અપેક્ષા રાખીને કરીએ તો તે પણ **નિર્ગુણ ભૂમિકા.**

૧૬).....વિમોક દૃઢ થતા જે ભાગમાં પરિપક્વ નિષ્ઠા થઈ હોય એ ભાગને પ્રભુ કૃપા કરીને સત્સંગની મળતી ક્રિયામાં વાપરે છે, ચૈતન્યોની સેવા સોંપે છે. પ્રભુ જ કૃપા કરીને રિદ્ધિ-સિદ્ધિઓને પ્રેરે છે ને પરીક્ષારૂપે જુએ છે કે ક્યાં મારો ભક્ત સ્વામીસેવકભાવ ચૂકે છે. નિર્ગુણ ભૂમિકામાં ભક્તિરૂપ જ ક્રિયા હોય પણ મનને ગમે એવી ભક્તિ પણ હોય. પ્રત્યક્ષ ધામ-ધામી-મુક્તોની જ સેવા હોય પણ પોતાના અંગ પ્રમાણે - પોતાના **'સ્વ'**ના ભાવ પ્રમાણે જ બધી ભક્તિ કે સંકલ્પ, ભાવ ને ક્રિયા થતાં હોય...

ભક્તને ખબર ન પડે તેમ ભગવાન અને સંત કૃપા કરીને રક્ષા માટે એ નિર્ગુણ ભક્તિમાં ડગમગાટ લાવે, અવરોધો મૂકે, ઠરાવ તોડે એટલે મૂંઝવણ, વિક્ષેપ કે અભાવ આવે. એવા પ્રસંગો ગોઠવે ત્યારે પ્રભુથી છુપાવવવાનું મન થાય - એમનાથી છૂટા પડવાનું મન થાય, બેપર્વાઈ આવી જાય, ભગવાનના ભીડામાંથી ભાગી છૂટવાનું મન થાય.

જ્યાં માન-મોટપ મળતાં હોય - **'સ્વ'** જળવાતો હોય ત્યાં મન ભક્તિનો ઓપ આપી પોતાના જ બ્રહ્માંડમાં રાચે. પોતાની જાતને પ્રભુની સાથે ત્રાજવામાં તોળે કે હશે, ખમી ખાવ ને - ભગતજી મહારાજના પણ અપમાન થયેલા અને કાકા-પપ્પાને પણ એમ જ થયું હતું ને હું પણ એ જ સ્ટેજમાંથી પસાર થઈ રહ્યો છું. આવું માની **સ્વભાવનારાયણની જ** ઉપાસના કરતો હોય પણ ત્યાં સમકક્ષાના ભિન્ન અંગવાળા એવા એકાંતિક ભક્તની મૈત્રી રાખી હોય તો સૂઝ આપી દે કે આ **નિર્ગુણ ભૂમિકા** છે. ભક્તિ છે પણ તારી ગમતી છે.

જ્યારે નિષ્કામ કર્મયોગ હોય તો આમ અંતરમાં દુણાટ - દુખાટ ના હોય પણ ચૈતન્યના રાસની લીલાનાં દર્શન હોય અને ક્યાં ડાંડિયો ઠોકવાનો હોય અને કેમ ઠોકવાનો હોય એ પણ મહારાજ સૂઝ પાડે છે. એ પ્રમાણે વપરાયા છતાં પરિણામે અંતરમાં ટાઢું જ હોય. શરૂઆતમાં જેમ માન ટળે ભાવે રાંક બની, બે હાથ જોડી ગરજુ થઈ સેવા કરતો હોય એમ કરે જ અને નિર્દોષભાવ રહે અને એવો ને એવો જ ભાવ સત્સંગમાં વાહ-વાહ થાય કે લાખો માને કે હડે કરે ત્યારે પણ કર્તા-હર્તા એક પ્રત્યક્ષ પ્રભુને જ માને અને પ્રાપ્તિના કેફમાં અંતરથી મગન રહે.

પ્રભુ આપણો દોષ દેખાડે ત્યારે પ્રભુમાં જ મનુષ્યભાવ આવે. ત્યાં સુધી ગમે તેટલી ભક્તિ કરતા હોઈશું તો પણ તે બંધનકર્તા જ નીવડશે. જે દિવસથી પ્રભુ, પ્રભુનું કાર્ય કે પ્રભુનો સમાજ દિવ્ય ને નિર્દોષ મનાય ત્યારે જ નિર્દોષ થવાશે, પ્રભુની લીલાનાં દર્શન કરી શકાશે અને અક્ષરધામના સાચા અધિકારી બનીશું. આ માટે ભિન્ન અંગવાળા - સમકક્ષાના સાધકની મૈત્રી રાખવી.

ગમે તેટલા મોટા બનાવે તો પણ મનનો કદિ વિશ્વાસ ના કરતા. પળે પળ દરેક વિચાર પર ગરણી મૂકી એની ભક્તિ છે ! તો જ કરવું છે અને તો જ કરીએ તો **નિર્ગુણ ભૂમિકા**માંથી પસાર થઈ જવાય.

૧૭).....અત્યાર સુધી આપણી પાસે સેવા કરાવી, બળ પમાડી, આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ ત્યારે કેફ ચડાવી ધીમે ધીમે લોક-ભોગ અને દેહના ભાવ ઊડાડ્યા. હું જોગીનો પ્રકાશ છું એવું મનાવ્યું અને અનુભવ પણ કરાવ્યો. અહીં સુધી સંત આપણા જેવા થઈને કાર્યમાં ભળતા. અહીં સુધી તો કપડા પર ડાઘ પડ્યા હોય ને કાઢીએ એવું સહેલું હતું અને હવે અંદરના ડાઘ છે તેની વાત આવે છે કે જેને આધારે સમગ્ર પ્રાણીમાત્રનો ચકરાવો છે અને એ છે અબજો વર્ષોથી ચૈતન્યો જોડે જડાયેલી માન્યતા, અહંતા વિ. કે જ્યાં ભલભલા આવીને અટકી ગયા તે **નિર્ગુણ ભૂમિકા.**

નિર્ગુણ ભૂમિકામાંથી નિષ્કામમાં જવું એટલે **'હું'**નો સંપૂર્ણ લય કહો અથવા **'સ્વ'**નો સંપૂર્ણ લય કહો. જે અંગે ભક્તિ કરીને આટલે આવ્યા ને મૂર્તિ મેળવી તેને સંતના સંકલ્પે પ્રભુ ટચ કરે છે અને અંતરનું ખોતરીને ઉપર લાવે છે.

.....આને લઈને જગતમાં વાહ-વાહ થતી હોય, આપણને આનંદ આવતો હોય, હાશ ! સુખ ભોગવવાનો વખત આવ્યો એમ લાગતું હોય પણ હકીકતમાં ગુણાતીતની દૃષ્ટિએ આ પણ એક આધ્યાત્મિક જગત છે. એને તો ખરેખરા ગુણાતીત સંત જ બતાવે. જેમ દરેક સાધકનું અંગ જુદું તેમ તેની રીત જુદી અને તેમ એનું જગત પણ જુદું.

પ્રીતિવાળા માટે ગોલોક, તપ-વૈરાગ્યવાળા માટે બદ્રિકાશ્રમ તો કોઈને માટે શ્વેતદ્વિપ કે વૈકુંઠ વિ. વિ. આમ દરેકનું જગત જુદું. સાત્ત્વિકભાવવાળો માન અને ગર્વ રાખીને ફર્યા કરે, બસ હું કરું છું તે જ સાચું.

આ પરીક્ષામાં પાસ થવા પ્રત્યક્ષ સ્વરૂપને અંતર્યામી માની, **આપણને ગમતા ભિન્ન અંગવાળા નહીં પણ ન ગમતા ભિન્ન અંગવાળાની મૈત્રી ઘણી ઉપયોગી થઈ પડે છે**. એની જોડે મૈત્રી એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત. ખૂબ જ ધીરજની અને સમતાની જરૂર પડે છે.

૧૮).....લોક, ભોગ, દેહનું માન નથી એટલે તો ચોખ્ખા દેખાઈએ છીએ પણ પપ્પાજી કહે છે તેમ ડિસ્ટિલ્ડ નથી. વરસાદનું એકઠું કરેલું પાણી ચોખ્ખું ખરૂં પણ અંદર વાયુ ઓગળેલો હોય તે કેમ દેખાય ? રજકણ દેખાય પણ આ દેખાય નહીં છતાં ઈંજેક્શનમાં અપાય પણ નહીં. તેના જેવું **'સ્વ'** છે. એટલે કથા સારી કરી શકો, સભામાં ટાંકણી પડે તેનોય અવાજ સંભળાય તેવી શાંતિ હોય પણ જગત ખોટું ન કરે. તેમ જીવમાં, ચૈતન્યમાં પ્રભુ ન સ્થાપી શકે. માટે આનાથી પર જવા ભિન્ન અંગવાળાની મૈત્રી તેય સંપૂર્ણ વિશ્વાસથી, મન તેને સોંપી રાખે, તે વઢે-ટોકે તેમાં પોતે જ અંતર્દષ્ટિ કરી, ભજન કરી, સમતામાં આવી જવા પ્રયત્ન કરતો હોય.

૧૯).....આપણને આપણા દેવતા જોડે જોગ છે. ભગવાન અને સંત જોડે નથી. લોક જોડે નહીં ભળું તો તેઓ મને કેમ માનશે ? શિષ્યો કેમ થશે ? શિષ્યો જતા રહેશે, માન નહીં મળે કે આપશે નહીં વિ. ઘણું બધું આ ભૂમિકામાં આડું આવે છે. તેવે વખતે દરેકને નજરઅંદાજ કરીશું, સાથે રહેતા હોઈશું પણ મનથી ગુણાતીત ગુરુથી જુદા રહેતા હોઈશું. આ આંતરિક મન ખૂબ નકામું છે. તે આપણને ગુણાતીત ભાવમાં રહેતું અટકાવે છે. કારણ તેને ખમવું પડે, નમવું પડે, ગમતું ગુણાતીતનું રાખવું પડે. તેથી તે બળવો પોકારી કદાચ આપણને અલગ પણ પાડી દે. ત્યાં સુધી જાય તેમ છે. અને આપણે દેહે કરીને મન સાથે એક થઈએ છીએ અને આ પુરૂષોથી અંદરથી જુદા રહીએ છીએ. અંદર વીતે છે પણ મ્હોં તમાચો મારીને લાલ રાખીએ છીએ. જો જો આપણે રાખતા હોઈશું. આ આપણા માટે આધ્યાત્મિક કુસંગ અને આવાનો જોગ થાય તો ઉતરતા જેવા રહીએ કે કેમ ? એ પ્રશ્ન છે. આવું મહારાજે સ્વયં વચનામૃતમાં કહ્યું છે. ગોપાળાનંદસ્વામી કે મુક્તાનંદસ્વામી જેવાને આ સત્સંગમાં થાય. તો સત્સંગમાં રહે કે કેમ ? તે પ્રશ્ન છે.

## નિર્ગુણ ભૂમિકામાંથી પસાર થઈ જવા માટેનું જાણપણું...

માન, મોટપ કે મરડાઈ, માન્યતા કે કોઈ ટેવ, હઠ, માન કે ઈર્ષ્યા **શુદ્ધ ચૈતન્યબ્રહ્મમાં હોય જ નહિ** તેવા ભાવો આપણામાં દેખાય કે તેમાંથી તરત પાછા ગુણાતીત ભાવનામાં આવી જવા પોતાની ગમતી રીત પ્રમાણે સ્વ-ભજન કરવા મંડી પડવું અને પાંચ મિનિટમાં પાછા આવી જઈએ તો **નિર્ગુણ ભૂમિકામાંથી બહાર નિકળી જવાય...**

...પોતાના સંકલ્પભાવ ને ક્રિયાનું ચેકિંગ કરીને બધાના સૂચનો માન્ય રાખીને જ નિર્ણય લે.

સ્વતંત્ર કોઈ ઠરાવ કે આગ્રહ નહિ પણ પ્રભુ તરફ જ દૃષ્ટી રહે તો **નિર્ગુણ ભૂમિકા** નથી...

...બધી જ બાજુથી બહારથી કે અંદરથી સુખ-સુખ જ હોય, ભલે મહારાજ આપણને નિમિત્ત ન બનાવે પણ બીજાને નિમિત્ત બનાવે ને જશની પોટલી બીજાને માથે મૂકે તો પણ વાહ ! મહારાજ વાહ ! એમ થયા જ કરતું હોય ને આપણો આનંદ ન જાય તો **નિર્ગુણ ભૂમિકા** નડે નહિ...

...એકલા આપણા હેતવાળા કે આપણા ગ્રુપમાં જ નહિ પરંતુ જો સમગ્ર સત્સંગમાં મહારાજનું દર્શન થતું હોય તો **નિર્ગુણ ભૂમિકા** નડે નહિ...

**તે માટે સાધકે નીચેનું જાણપણું રાખવું આવશ્યક છે...**

A) સત્પુરુષ સાથે અંતરાય રહિતનો સંબંધ દૃઢ કરી દેવો.

B) પળે પળ હું કોને રાજી કરવા આ ક્રિયા કરું છું ?... કોઈનો અભાવ આવે છે ?... ભાવ-ફેર થાય છે ?... 'ગમતું અને ના ગમતું' એવા ભાવો રહ્યા છે ?... સેવા અને ભક્તિનું રૂપ લઈને વૃત્તિનું દાસત્વ તો નથી કરતા ને ?

C) ...આપણા અંગવાળા જોડે સહજ હેત થાય અને બીજા ગૌણ લાગે... આ મ્હારાં અને આ તેમના એવા ભાવો તો નથી ને ! ભક્તિ કરવામાં પણ પોતાની રીત સાથી મુક્તોની રીતથી જુદી પડે ત્યારે લીલા ન મનાય ત્યારે ભજન જ કરવું પડે, મૂર્તિ વાપરીને પણ ગુણાતીતના સહૃદયી બની ભજન પ્રાર્થના કરે તો લીલાનું દર્શન થઈ જાય એ વગર બીજો કોઈ ઉપાય નથી.

D) ...દેહભાવ છોડ્યા પછી પણ મનમુખી આપણી માન્યતા પ્રમાણે ભક્તિ કરવાનો એટલે કે સ્વનો પક્ષ રાખીને પોતાની રીતે ભક્તિ કરવાનો કે કરાવ્યાનો સંકલ્પ ગુરુથી જુદા પાડે ને અંતરાય ઊભો કરે એટલે કે મૈત્રીભાવે ને સુહૃદભાવે ખરેખરાં અંગત સાથી મુક્તો સાથે ન વર્તાય.
...ત્યારે આપણાં સત્યો નિરાકાર થઈને મૂકી દેવા... કારણ કે સાકાર ભગવાનને રાખવા આપણાપણું મૂકવું પડે... **ભિન્ન અંગવાળાની મૈત્રી રાખીએ, સામી વ્યક્તિના અંગને (એમની રીતને) માન આપીએ તો જ આપણો અંગ ઊડે.**

E) ...બીજાને ગુણ આવે તેવી જ ક્રિયા કરીએ તેમાં પણ આપણું માન પોષાય... પણ એક પ્રભુને જ રાજી કરવાનું તાન રાખીએ તો **'સ્વ' ઊડે...** અલૌકિક ભૂમિકામાં મહારાજના ઑર્ડર પ્રમાણે બાળવાનું હોય ત્યાં બાળે અને ઠારવાનું હોય ત્યાં ઠારે તો **નિર્ગુણ ભૂમિકામાંથી** પસાર થઈ જવાય... આ ભૂમિકામાં ભગવાન મોઢે કશું કે'તા નથી પણ પોતાનું સત્ય પોતાને શોધી કાઢવું પડે... વચ. ગ.પ્ર. ૫૬ પ્રમાણે વિશ્વાસ, પ્રીતિ કે સમજણના અંગવાળાએ જ્યાં લીલા મનાતી અટકી ત્યાં સ્વ-ભજન કરી મૂર્તિમાં આવી જવાનું રાખે તો વહેલો પાર આવે.

F) ...સમકક્ષાના ભિન્ન અંગવાળામાંથી પણ નાનું સૂચન આવ્યું હોય તેને મોટું માની લઈએ ને તે મારા પ્રભુમાંથી આવ્યું છે એમ માની વધાવી લઈએ તો આ બધી ભૂમિકામાં અથડાવવું નહીં પડે અને બધી ભૂમિકામાંથી પસાર થઈ જવાશે ને ૨૪ કલાક સાકાર બ્રહ્મની લીલા મનાયેલી રહેશે ને આપણો આનંદ માની જાય...

G) ...યથાર્થ સ્વરૂપનિષ્ઠા ને દિવ્યભાવ રાખવાની પ્રૅક્ટિસ પાડી દઈએ ને અખંડ પ્રભુથી જ ભર્યા રહીએ. દિવ્યભાવે જીવવાની ટેવ પાડી દઈએ...

H) .....વિચરણ, સત્સંગ કે મંડળો કે સેન્ટરોમાં મને ગમે તે માટે નહીં... મારી રીત પ્રમાણે નહીં... પણ પ્રત્યક્ષ ગુરુહરિ કે કમિટિ કે ભિન્ન અંગવાળા મુક્તો કહે તે રીતે ભક્તિરૂપ ક્રિયા કરે. પગલું ભરતા પહેલા આ ભક્તિરૂપ છે ? તેવું ચેકિંગ કરે. ગુરુહરિ કે સાથી મુક્તની સંમતિ લઈને કરે તો નિષ્કામ કર્મ થાય. ભિન્ન અંગવાળા સાથે અંતરમાં સાચા ભાવે મૈત્રી કરે અને એનું સૂચન માન્ય રાખવા ચાડ રાખે. આચાર સંહિતા પ્રમાણે પ્રભુના સ્વરૂપને દિવ્ય ને અંતર્યામી માની વફાદાર રહીને વર્તે.

I) .....પહેલેથી જ પ્રાર્થના કરે કે હે મહારાજ જેવો છું તેવો તમારો જ છું અખંડ રાંકભાવ તમે જ રખાવજો. તમારો સેવક છું, ગુલામ છું, તમારું બધું સાચું ને મારું બધું ખોટું. જ્યાં ગેડ ન બેસે ત્યાં ભજન કર્યા કરવું કે હે મહારાજ તમે તમારી રીતે ઊપાયભૂત થજો ને ઉકેલ લાવજો મને ક્યાંય ભેળવશો નહીં. આ ઈન્દ્રિયો, અંતઃકરણ થકી મારી રક્ષા કરજો.
...મારા રૂપાંતર માટે જે શિષ્યો કે સેવકો આપ્યા હોય એ એક સેવા જ છે. અને એ મારા સ્વભાવ મૂકવા માટે જ હોય છે. એમાં રોફ કે ગુરૂપણું નહીં પણ મહારાજના દાસ કે મહારાજના સેવક તરીકે જ કરવું. એમાં સાધકે તીવ્ર ભજન કે પ્રાર્થનારૂપી સેવાનો ફાળો કરવાનો હોય છે, ઉપદેશ કે શીખામણ આપીને નહીં. ...આચાર ને પ્રચાર થવા દો. હું સામી વ્યક્તિને વિષે મહારાજના સ્વરૂપનો ભાવ રાખીશ એટલો જ એને પડઘો પડશે. એટલે જીવન મંત્ર પ્રમાણે સામાને જીવનમુક્ત માની દિવ્યભાવ પકડી રાખી સ્વધર્મયુક્ત સેવા કરવાનું બળ આપજો.

J) .....સત્સંગ કરાવવાનું મન થાય, સત્સંગ વધારવાનું મન થાય, સમજાવી દેવાનું મન થાય, એ બધું મનમાંથી આવેલું હોય ને ભગવાનની ભક્તિ ન હોય તો શું કામનું ? એમાં કંઈ પણ અવરોધ આવે ત્યાં સ્ટોપ ધ એન્જિન. ...ત્યારે ભિન્ન અંગવાળાની મૈત્રી રાખી હોય તો ભજન કરતાં કરતાં પૂછું તો ભગવાન મારી માટે બોલી જ જશે...

K) .....ગમે તેટલા હેતવાળા પોતાનામાં જોડાય તો પણ ભગવાનમાં રહીને ગુરૂહરિને આગળ રાખીને માહાત્મ્ય ગાયા કરે પણ ઘસારાની કે તારતમ્યતા કે સરખામણી કે ભેદદષ્ટિની વાત લાવે નહીં. ને મૂર્તિમાં રહી આધ્યાત્મિક ક્ષમતામાં રહી, અંદરથી રાંક રહી, નિર્માનીપણે સેવા કર્યા જ કરે ને માન, મોટપ ને શિષ્યોની અપેક્ષા ન રાખે, એક ભગવાનને અખંડ રાખવાની અગત્યતા સમજાઈ જાય તો કોઈ ગૂંચવાડો ઊભો ન થાય. એક સેવા જ કરવાની અપેક્ષા રાખે તો પરમ પદ મનાઈ જાય.

L) .....પ્રભુએ વચ.ગ.મ. ૨૨ના વચનામૃતમાં સાધકો માટે સંકલ્પનો મંદવાડ ટાળવા પોતાનું મિષ લઈને વાત કરી. ને મહારાજે કહ્યું, 'જ્ઞાને કરીને બધું નિર્માલ્ય માન્યું, ને પોતાના મન-બુદ્ધિ-ચિત્ત-અહંમ એ સર્વે પ્રવર્ત્યા જ ન હતા ને મનમાં નિશ્ચયાત્મક ગાંઠ વાળી કે મન-બુદ્ધિ-ચિત્ત-અહમ્-પ્રકૃતિને એક પ્રભુ ને પ્રભુની નિષ્કામ ભક્તિ વગર બીજું કાર્ય કરવા જ અસમર્થ બની જાય એવી ચાડ રાખીએ.'

M) .....ભગવાન અને સંતને કે તેમનાં સંબંધવાળાને નિર્દોષ માનવા છે. મનથી જે તે પ્રકારે પ્રભુથી ભર્યા રહેવું છે. તેમ ન વર્તાય ત્યાં નિષ્કપટ રહી પરીતાપ કરીને પાછા વળવું છે... હું ઠાકર ને ક્રિયા. પ્રભુ ને દિવ્ય અંતર્યામી માની વફાદાર રહીને જીવ્યા કરે તો સાધના સરળ થઈ જાય.

N) ...ધ્યેયની સ્પષ્ટતા અને સાધનાની સભાનતા હશે તો પોતાનું જ કરી લેવા તરફ તાન રહેશે.
- એ કદાપિ ડાફોળિયા નહીં મારે એટલે કે બીજા અર્થમાં સરખામણી નહીં કરે.
- દૃષ્ટાને વફાદાર રહી જીવવા પ્રયત્ન કરશે.
- હાર-જીત થાય તો પણ મંડ્યો જ રહેશે, પ્રયત્ન કર્યા જ કરશે.

O) .....આ પ્રભુ, આ સંતનું, આ સ્થાનનું જો હૈયામાં અફાટ માહાત્મ્યનું સિંચન હશે તો...
- પ્રભુ વગર પ્રકૃતિ પુરૂષની અંદર માલ મનાશે જ નહીં.
- જેને પ્રભુ જ જોઈએ એણે બીજું શું કામ ઈચ્છવું ? બીજામાં (વ્યક્તિમાં કે લૌકિક પદાર્થોમાં) અંદરથી ત્યાગ વૈરાગ્ય ઉદય થઈ ગયા હશે. જેથી ચીજ વસ્તુ કે પદાર્થ કે **પાર્થિવ પ્રેમની ઝંખના – લૌકિક પ્રેમ અને લાગણીઓને** જાણપણે એની નશ્વરતા સમજીને લાત મારશે તો એની લડત શું હોય ?
- પ્રભુનું જ માહાત્મ્ય અફાટ વહેતું હોય ત્યાં રાખ્યું ન રાખ્યું, બોલાવ્યું ન બોલાવ્યું, જણાવ્યું ન જણાવ્યું વિગેરેનો પ્રશ્ન જ ક્યાં રહે. માન-અપમાન થાય કે સુખ-દુ:ખ થાય ત્યારે એક જ વિચાર હોય. આ સ્થાનમાં મને રહેવા મળ્યું !!! ધન્ય ધન્ય !!! આવા મુક્તો સાથે ! આવા મુક્તોનો સ્પર્શ ક્યાંથી ! જગતમાં આ ઘટમાળ ચાલ્યા જ કરે છે ને ? પણ આવા અક્ષરમુક્તોની પ્રસાદીની વાણી !!! પ્રસાદીનો સ્પર્શ !!! ...આમાં લડતને સ્થાન જ ક્યાં રહ્યું ?

P) પ્રભુનો સ્વીકાર પ્રભુ માનીને કર્યો હશે. એ જ્યાં હશે ત્યા દિવ્ય માનીને જીવશે.
- સંતના સંકલ્પે પ્રભુ પ્રકૃતિ તોડે-મરોડે ત્યારે એક ભાગમાં સંઘર્ષ હશે તો બીજો ભાગ તટસ્થ રહીને બધું જોયા કરશે ને મનુષ્યભાવમાં પડવા નહીં દે. અંદર બેઠો બેઠો પ્રભુ એને પ્રેરણા ને બળ આપશે.
- પ્રભુ મારા હૈયામાં બેઠા છે એવી શ્રદ્ધાથી નિત્ય નવા ઉલ્લાસે પ્રાર્થના કરી પ્રગતિ કરતો રહેશે.
- પ્રભુનું બળ ને પ્રભુનું શરણ લેશે. હરેક કામમાં એને આગળ લેશે. પછી સુખ-દુ:ખ કે માન-અપમાન એના જ ચરણે ધરે ને કર્તા-હર્તા, નિયંતા, પ્રેરક તે કેવળ પ્રભુને જ માનીને જીવશે.

Q) .....આચાર ને પ્રચાર ન બનાવું, જે કાંઈ બોલું છું, શિખામણ દઉં છું તે પ્રમાણે હું વર્તુ છું ?
- ચૈતન્ય જ્યારે એકાંતિક સત્પુરૂષની સાથે જોડાય તેને આપણે અંગ કહીએ છીએ. આમાં મુખ્યત્વે ચાર અંગમાંથી એક અંગ પ્રધાનપણે હોય છે અથવા તો કોઈને બે હોય છે.
૧) સમજણ, ૨) પ્રીતિ, ૩) દાસત્ત્વ અને ૪) પ્રપત્તિ.

## સમજણના અંગવાળા માટે...

**સમજણનું નેગેટિવ પાસું**

૧) પોતાનું જ સત્ય મનાય.

૨) પોતાની માયિકબુદ્ધિથી ભગવાન અને ભગવાનનાં ભક્તની ક્રિયાનું માપ કાઢે.

૩) તે પોતાના દૃષ્ટાને વફાદાર વર્તે ને બીજા ન વર્તતા હોય તેનો અભાવ લે.

૪) આખો સમાજ - ભિન્ન અંગવાળા બ્રહ્મ નિયંત્રિત ન મનાય.

**સમજણનું પૉઝિટિવ પાસું**

૧) પોતાનું જ કરી લેવા તરફ તાન રાખે.

૨) જે માહાત્મ્યમાં રહે, સુખી રહે, આનંદમાં રહે તેવું બુદ્ધિથી વિચારે ને બીજામાંથી ગ્રહણ કરે.

૩) ભક્તિરૂપ હોય તેવા જ સંકલ્પ, ભાવ ને ક્રિયા કરે.

૪) ખૂંચે ત્યાં પોતાનો જ દોષ માની પરિતાપ ને પ્રાર્થનાથી મંડ્યો રહે.

## પ્રીતિના અંગવાળા માટે...

**પ્રીતિનું નેગેટિવ પાસું**

૧) પ્રિયતમ પરના હેતને લઈને હક્ક બંધાઈ જાય તેથી તેના પર ધોખાવાંધા થાય.

૨) સમકક્ષાના ભેરુની ઈર્ષામાં પડ્યો રહે.

૩) ધોખાવાંધા ને વઢવેડ થઈ જાય.

૪) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ લાવે ને વિક્ષેપમાં પડ્યો રહે.

૫) પોતાને ગમતા બધા નિર્દોષ મનાય. ન ગમતામાં હઠ, માન ને ઈર્ષ્યા કે ભાવફેર થાય. તે બરોબર નથી વર્તતો તેમ લાગે.

**પ્રીતિનું પૉઝિટિવ પાસું**

૧) સત્પુરુષના દિવ્ય હેતમાં પોતાને જે મૂર્તિ, સ્મૃતિ, લટકું, ચરિત્ર સ્પર્શી ગયા હોય તે વાગોળ્યા કરે.

૨) સાથી મિત્રની સોબત રાખે જે એને પાછો વાળે.

૩) પ્રાપ્તિના કેફમાં જ રહ્યા કરે.

૪) જે તે પ્રકારે પોતાની મૂર્તિમાં સભર રહે.

૫) પ્રભુના ગમતામાં રહેવાનો પ્રયત્ન રડતો જાય તો પણ કરતો રહે.

## દાસત્ત્વના અંગવાળા માટે...

**દાસત્ત્વનું નેગેટિવ પાસું**

૧) પોતાના જ સમકક્ષાના પણ ભિન્ન અંગના ભેરુ સાથે સરખામણી થાય.

૨) બીજાની સેવા દેખાય અને નોંધાય પણ પોતાની સેવા ન નોંધાય તેથી દુ:ખી થાય.

૩) પોતાની પ્રગતિને માપ્યા કરે પરીણામે સુખ-દુ:ખ પ્રવર્તે, મૂંઝવણ રહે.

**દાસત્ત્વનું પોઝિટિવ પાસું**

૧) આજુબાજુના સાથી મિત્રના દોષ જોયા વિના માહાત્મ્યથી સેવામાં મંડ્યો રહે.

૨) સત્પરુષ કહે તેમ બે હાથ જોડી જે સેવા સોંપે તે કર્યા કરે.

૩) આંધળો વિશ્વાસ રાખી શ્રદ્ધા અને વિશ્વાસયુક્ત સેવા કરે કે આ સેવાથી હું નિષ્કામી બની જઈશ. પછી ભલે તે હલકામાં હલકી સેવા હોય.

## પ્રપત્તિના અંગવાળા માટે...

**પ્રપત્તિનું નેગેટિવ પાસું**

૧) મોળા વિચારોમાં પડ્યા રહે.

૨) બીજાની પ્રગતિ જોઈ મૂંઝાયા કરે.

૩) બાહ્યદૃષ્ટિએ બીજા મુક્તો સાથે સરખામણી કર્યા કરે.

૪) હતાશ થઈ ઉદ્વેગમાં રહે, નાસિપાસ થઈ જાય, હિમ્મત હારી જાય.

**પ્રપત્તિનું પોઝિટિવ પાસું**

૧) પોતાને હું કાંઈ નથી અને બીજા મને બહુ મોટા માને.

૨) ગરજુ થઈ સેવા કર્યા કરે.

૩) રાંક બની પ્રભુને સંભાર્યા કરે.

૪) ગમે તે સંજોગોમાં જોગમાં પડ્યો રહે. પણ ભગવાન કે સંતને છોડી શકે નહીં.

જ્યાં સુધી તે પોતાના અંગે જીવે છે ત્યાં સુધી આ વસ્તુ બનવાની જ. પોતે પોતાના પ્રસંગો નોંધવા કે ક્યારે મારો ફયુઝ ઊડે છે ? ક્યારે ભગવાન ને સંતમાં મનુષ્યભાવ આવે છે ? ક્યારે મુક્તો સાથે અબે-તબે થાય છે ? ક્યારે આનંદ જાય છે ? વિચારને પામે તો ખબર પડી જાય કે ક્યારે મારું મન અક્ષરધામના ગોલોકમાંથી ઊડી રહ્યું છે.

R) .....મુક્તાનંદસ્વામીને પણ મહારાજે પૂછ્યું કે તમને ક્યારે દુ:ખ થાય છે ? ત્યારે કહે મહારાજ કોઈ સત્સંગનું ભૂંડું કરતો હોય ત્યારે થઈ જાય. પછી મહારાજ કહે 'આ પણ એક મોટી ખોટ છે. સત્સંગ તો પ્રભુની મરજી હશે તો વધશે પણ આપણે પ્રભુમાં લીન રહીએ અને તેની ભક્તિ હોય તેમ હાથ-પગ હલાવ્યા કરીએ. આપણો દોષ નોંધાય તે માટે સ્વામીસેવકભાવે અંતર્દષ્ટિ રાખી જોયા કરીએ. મહિમા ને ગુણ ગાયા કરીએ. ત્યાં સહુનું ખમવું પડે, ગમાડવું પડે. ભીડો પણ ત્યાં છે અને શાંતિ પણ ત્યાં જ છે.'

.....ભેળા રહીશું તો દોષ દેખાશે. નહીં તો કોણ દેખાડશે ? એ વગર તો દોષ કે સ્વભાવ પોષાશે જ. ભિન્ન અંગવાળાની મૈત્રી કેવળ નહીં પણ ન ગમતા ભિન્ન અંગવાળાની મૈત્રી હશે તો જ દોષ દેખાશે. નહીં તો દોષ છે એમ મનાશે નહીં તો ટળશે તો કેવી રીતે ? તો પોતા તરફ વચ. ગ.પ્ર. ૫૮ જેવી ચાડ રાખીશું તો જશે.

.....અખંડ પ્રભુની સ્મૃતિથી ભર્યા રહી, નામરટણ, જપયજ્ઞ, માહાત્મ્યયુક્ત સેવા કર્યા કરવી. **સ્મૃતિ ભૂલાવે એવું જીવમાં વણાશો નહીં કે ભળશો નહીં. કારણ કે આપણે ચોખ્ખા થયા નથી માટે અંદર છાપ પડી જશે. તમને ખબર ન પડે તેમ ચિત્તમાં ચોંટી જશે અને પ્રસંગે બળવો પોકારી અક્ષરધામમાંથી નીચે લાવી દેશે.** માટે કાર્ય કરતા પહેલાં તટસ્થ થજો, જાતને પૂછજો કે હું કોણ છું ? શું કરવા આવ્યો છું ? તેનું સતત અનુસંધાન રાખજો. નિર્ગુણ ભૂમિકા છોડ્યા સિવાય નિષ્કામમાં જવાશે નહીં, ગુણાતીતભાવને પમાશે નહીં. માટે મૈત્રી અનિવાર્ય છે. તે જ આપણને બતાવશે. તે આપણને નિર્દોષ માનવા પ્રયત્ન કરતો હશે. માટે જ્યાં સુધી તેની આગળ ખુલ્લા નહીં રહીએ ત્યાં સુધી તે પણ દુ:ખી થઈને આપણું હિત કરવાનું તાન નહીં રાખે. એ આપણને કહે તે માટે ભગવાનની અખંડ સ્મૃતિ, તેનું માહાત્મ્ય વાગોળ્યા જ કરવું. જેથી દુ:ખ ન લાગે અને લીલા દેખાય. દુખાઈએ છીએ તે **સ્વ**ના દોષથી અને તેમાં ભિન્ન અંગવાળાના સૂચનની ઉપેક્ષા કરીએ છીએ. તેથી પ્રભુના માહાત્મ્યને વાગોળ્યા કરો. વચ.સાર. ૪ પ્રમાણે. પછી જ **સ્વ** મૂકાશે. **સ્વ** ઓગળ્યા પછીની જ સેવા પ્રભુને પહોંચે છે.

S) .....પપ્પાજી કહે છે કે પાણીમાં પડો છતાં કોરા રહો તેવી પ્રાપ્તિ કરાવવી છે. તો સંબંધ જુઓ, તેને નિર્દોષ માનો, કર્તા-હર્તા પ્રભુ છે તેનો અંતરથી સ્વીકાર કર્યા કરો. જ્યાં સુધી **સ્વ** હશે ત્યાં સુધી આપણી ભક્તિનું, જ્ઞાનનું, તપનું, આત્મનિષ્ઠાનું જાણપણું રહેવાનું જ અને તેમાં ભળી જ જવાના. પણ ભિન્ન અંગવાળા સાથે મૈત્રી હશે તો તે આપણને કહી દેશે **'ઊભા રહો, થોભો, થોભો અને ચાલો.'** આ તો લીલી બત્તી પછીની પીળી લાઈટ છે. અને ત્યારે નીકળવા જઈશું તો નકામા દંડાઈ જઈશું. પ્રસંગે લીલા દેખાવી જ જોઈએ. ન દેખાય તો કાંઈ નહીં પણ મનાયેલી તો રહેવી જ જોઈએ. માટે **મિત્ર જોડે તો સ્વામીસેવકભાવે વર્તવું છે.** તેની સાથે આપણું વર્તન જ એવું હોવું જોઈએ કે વઢી-ધખીને આપણા હિતમાં હોય તેમ જ કરવા સુહૃદભાવભર્યા સંકલ્પ પ્રભુને કર્યા જ કરે.

.....આવી ટેવ પાડવી શરૂઆતમાં અઘરૂં છે પણ જો ધ્યેય તરફ દૃષ્ટિ હોય - આપણી સાધનાની પૂર્ણાહુતિ તરફ દૃષ્ટિ હોય તો અઘરૂં નથી. જ્યાં સુધી તટસ્થ નથી થવાતું ત્યાં સુધી ભજનની જપયજ્ઞની-માહાત્મ્યયુક્ત સેવાની જરૂર છે જ. પછી જ પ્રશ્ન પૂછીએ કે મહારાજ શું છે ? આમાં મારે શું કરવાનું છે ? કેટલું ભળવાનું છે ? પછી તેની પ્રસન્નતા હોય તેટલું પ્રભુ તરફ દૃષ્ટિ રાખીને ભળવું. એમ કરતાં કરતાં હેવા પડી જશે. પછી મન-બુદ્ધિ-ચિત્ત અને અહંતા પ્રભુમાં જ રહેતા થઈ જશે. માટે જે કાંઈ અંદર કે બહાર છે તેમાં પ્રભુમસ્તીથી મગન રહેવું.

.....એક ફકિર હતો. તેની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થયા. પછી પરીક્ષા લીધી. દેવતાઓને મોકલ્યા અને કહ્યું 'જાવ, અને કહેજો કે અમે તમારી ભક્તિથી પ્રસન્ન થયા છીએ અને વરદાન આપવા આવ્યા છીએ.

માટે જે જોઈતું હોય તે માગો.' પણ ફકિરની દૃષ્ટિ પ્રભુમાં જ હતી અને પ્રભુના કેફથી વિશેષ શું હોય! ફકિર કહે, 'ભાઈ, તમે ઘર ભૂલ્યા લાગો છો. મારે જે જોઈએ છે તે મને મળી ગયું છે. કો'ક બીજે ઘેર તમારે જવાનું હશે!'

દેવતાઓ કહે, 'અમે સાચે ઘેર જ આવ્યા છીએ. જેને આ જગતની વાસના ગઈ છે તેને જ આપવા આવ્યા છીએ. જેને વાસના છે તેને આપીને શું કામ છે! માટે તમે માંગો.' આમ ખાસ્સી રકઝક ચાલી. છેવટે ફકિર કહે, 'જો તમારે આપવું જ હોય તો એટલું જ આપો કે સંબંધમાં આવેલ ચૈતન્ય પ્રભુને માર્ગે ચાલતું થાય છતાં મને એનું જાણપણું ન રહે. હું તો મારી આ ફકિરીમાં જ પ્રભુથી મસ્ત રહું.'

આવું આપણે ગુણાતીત સ્વરૂપમાં જ જોઈ શકીએ છીએ. સંબંધવાળા બધાનાય દાસ તરીકે વર્તવામાં જ મોટપ છે. આવા પ્રભુને માનીએ તો તેવા થવાય.

.....અંતર્દષ્ટિ એ જ સરળ સાધન છે. જે અંતર્દષ્ટિ નથી કરતો તે કેવો છે? તો સ્વા.વા. ૮માની ૧૫મી વાત સમજવા જેવી છે. અને સિદ્ધ પછીના વર્તન માટે ૮માની ૧૮મી વાત સમજવા જેવી છે.

T) .....આમ ભાગવતી તનુ થયા હશે તેને શુભ સંકલ્પ હશે. મહારાજ ઓળખાવી દેવાનો શુભ સંકલ્પ પણ નિષ્કામ નથી. કારણ કે ગુલામ તરીકે વર્તવાને બદલે, સ્વામીસેવકભાવે વર્તવાને બદલે મહારાજ આને બ્રહ્મરૂપ કરો તેવો આગ્રહ પણ નહીં.

.....પંચ વર્તમાનમાં દઢપણે વર્તતો હશે, એક પ્રભુના સંકલ્પમાં લય રહેતો હોય, મૂર્તિ હસતી દેખાય અને લીલા મનાય ત્યારે અનુવૃત્તિની સૂઝ પડી કહેવાય. અંતે જેમ જળનું ટીપું હથેળીમાં જોવા પ્રયત્ન નથી કરવો પડતો તેમ ચૈતન્ય અને તેની ક્રિયાને જોતા હોય. પછી અડફટમાં આવે તેનું કારણ શરીર બાળી દે. તેને જ પ્રભુનું સ્વરૂપ થયું કહેવાય.

**હે પ્રભુ, અમ સહુ સાધક ભાઈઓ અને બહેનોમાં સરળતાથી સિદ્ધ થાય તેવી કૃપા કરશોજી.**

**જય શ્રી સ્વામિનારાયણ.**